# દલિતો પરના અત્યાચાર મામલે પગલાંની માગ

## ગીર સોમનાથ જિલ્લામાં દલિત સમાજ પર થયેલા અત્યાચાર બાબતે : ધાનેરા દલિત સમાજ દ્વારા મામલતદારને આવેદનપત્ર : ઠેર-ઠેર લોકો દ્વારા આવેદનપત્ર આપી કહેવાતા ગૌ સેવકો સામે કાયદેસર કાર્યવાહી કરવા માંગ

પાલનપુર, તા. ૧૮

ગીર સોમનાથ જિલ્લા માં દલિત સમાજ ના લોકો પર થયેલા અત્યાચાર થી સમગ્ર ગુજરાત માં અરેરાટી ફેલાઈ જવા પામી છે અને કહેવાતો ગૌસેવકો ઉપ્પર લોકો ફિટકાર વરસાવી રહ્યા છે ત્યારે બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા માં દલિત સમાજે આવેદન પત્ર આપી કહેવાતા ગૌસેવકો ને અકારી સજા ની માંગણી કરી હતી.

ગીર સોમનાથ જિલ્લા ના ઉના તાલુકા ના મોટી સામઢીયાળી ગામમાં કહેવાતા ગૌ સેવકો ધ્વરા જે દલિત સમાજ ના યુવકો સાથે કરેલ અત્યાચાર કોઈ પણ માણસ ના કાળજા કંપાવી દે તેવો છે એ પછી સંવેદન સીલ હોય કે પછી જડ માણસ। ........દલિત સમાજ ના



યુવકો મારેલી ગાય નું ચામડું નિકળી રહ્યા હતા તે સમયે ત્યાં કહેવાતા ગૌસેવકો પહોંચી ગયા હતા અને યુવાનો ને પકડી ગાડી સાથે બાંધી ને ઢોર માર માર્યો હતો કોઈ ન કરે તેવું કામ આ યુવાનો કરી રહ્યા હતા છતાં પણ આમાંની સાથે અમાનવીય વ્યવહાર કેમ,,,? ગૌરક્ષા ની આડમાં ગુંડા ગદી અને અમાનવીય કૃત્ય કરનાર સામે તંર ધ્વરા કડક પગલાં ભરવા જોઈએ તેવી સમગ્ર રાજ્ય માં માંગ ઉઠવા પામી છે જેથી આવનાર સમય માં આવું કૃત્ય કરતા પહેલા સો વાર વિચાર કરવો પડે અને આવા કૃત્ય કરવાની કોઈ હિંમત ન કરે કસાઇઓ ની સામે લડવાના બદલે સામાન્ય લોકો પર અત્યાચાર કરવો એ કઈ ગૌરક્ષા નથી કહેવાતા ગૌ સેવકો ધ્વરા જે દલિત સમાજ ના યુવકો સાથે કરેલ અત્યાચાર થી સમગ્ર રાજ્ય માં ભારે રોષ જોવા મળી રહ્યો છે ત્યારે ઠેર-ઠેર લોકો ધ્વરા આવેદન પત્ર આપી કહેવાતા ગૌ સેવકો સામે કાયદેસર ઈ કાર્યવાહી ની માંગ ઉઠવા પામી છે ત્યારે આજે બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા દલિત સમાજ ધ્વરા મામલતદાર ને આવેદન પત્ર આપી જણવ્યું હતું કે દલિત સમાજ ના લોકો પર અત્યાચાર ગુજારનાર કહેવાતા ગૌ સેવકો ને પોલીસે તાત્કાલિક ઝડપી કાયદેસર ની કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

કહેવાતા ગૌ સેવકો ના અધમ કૃત્ય થી સમગ્ર રાજ્ય માં અરેરાટી મચી જવા પામી છે અને ઠેર-ઠેર લોકો ધ્વરા આવેદન પત્ર આપી કહેવાતા ગૌ સેવકો સામે કાયદેસર ઈ કાર્યવાહી ની માંગ કરી રહ્યા છે જો તંત્ર ધ્વરા આ કહેવાતા ગૌસેવકો સામે પગલાં ન ભરેતો આવનાર સમય માં ભારે આંદોલન ના પણ એંધાણ વર્તાઈ રહ્યા છે.



## દેવમુવાડામાં વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ

વિશ્વ વસ્તી દિન અંતર્ગત દેવમુવાડાની માધ્યમિક શાળામાં વક્તૃત્વ સ્પર્ધાનું સુંદર આયોજન હાથ ધરાયું હતું. તાલુકા આરોગ્ય કચેરીના માર્ગદર્શન હેઠળ ગામની ત્રિલોકચંદ માધ્યમિક શાળા ખાતે વસ્તી નિયંત્રણ વિષય ઉપર સ્પર્ધા યોજાઈ હતી. જેમાં શાળાના બાળકોએ હરખભેર ભાગ લઈ વસ્તી ઘટાડવાના કારણો, વસ્તી નિયંત્રણ રાખવા વિષેની ચોટદાર રજુઆતો કરી હતી. આ કાર્યક્રમમાં તાલુકા હેલ્થ ઓફિસર તેમજ તાલુકા આઈઈસી ઓફિસર હાજર રહી જરૂરી વિગતો અને સુચનો આપ્યા હતા. અને વિજેતા બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દેવમુવાડા, મેડીકલ ઓફિસર, આસી. મે. ઓફિસર તથા સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં હાજર રહી બાળકો તથા સંચાલકોને પ્રોત્સાહન પુરૂ પાડનાર સૌ કોઈનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# પાલનપુરના માલણમાં આવાસ યોજના હાથ ધરાઈ

ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ ગાંધીનગર દ્વારા બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના માલણ ખાતે એલઆઈજી પ્રકારની આવાસ યોજના હાથ ધરવામાં આવી છે. સર્વે નં. ૭૪૦ પૈકીની જમીન ઉપર આયોજન કરવામાં આવેલ છે જેમાં ૯૬ આવાસો પૈકી ૩૭ આવાસોની વહીવટી કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. હવે બાકીના ૫૯ આવાસો માટે દરેકની રૂ. ૫૦ લાખની અંદાજીત કિંમતના રૂ. ૩ લાખથી રૂ. ૬ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવતા લોકો તેનો લાભ લઈ શકશે.

જે અંગેના ફોર્મ ફોટક મહેન્દ્ર બેન્ક ગ્રાઉન્ડ ફ્લોર, અગ્રવાલ હાઉસ, પેલેસ રોડ, પાલનપુર ખાતેથી મેળવી શકાશે. ફોર્મ વિતરણ પરત રજુ કરવાની છેલ્લી તા. ૨૭-૭-૨૦૧૬ સુધી રાખવામાં આવી છે. જેનો લાભ લેવા બોર્ડના સભ્ય સચિવે જણાવ્યું છે.

# ધાનેરા વિસ્તારમાં બોગસ પત્રકારોનો રાફડો

## પ્રેસ ટ્રસ્ટ ઓફ ધાનેરા દ્વારા બોગસ પત્રકારો સામે પગલાં ભરવા આપ્યું આવેદનપત્ર

પાલનપુર, તા. ૧૮

બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા વિસ્તાર માં બોગસ પત્રકાર બની સાચા પત્રકારો નું નામ ખરાબ કરનાર શખ્શો સામે કાયદેસર પગલાં ભરવા પ્રેસ ટ્રસ્ટ ઓફ ધાનેરા ધ્વરા ધાનેરા પોલીસ મથક માં આવેદન પત્ર આપી કાયદેસર ની કાર્યવાહી કરવા માટે માંગ કરી હતી

બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા વિસ્તાર માં છેલ્લા ઘણા સમય થી જાણે જાણે બોગસ પત્રકારો નો રાફડો ફાટ્યો હોય તેવું લાગી રહ્યું છે જ્યાં જુઓ ત્યાં વાહનો ઉપર પ્રેસ લખેલા લેબલ જોવા મળી રહ્યું છે આટલું જ નહીં પણ ધાનેરા ના ગ્રામીણ વિસ્તાર જઈ પત્રકાર ની બીકે લોકો ને ડરાવી મોટા મોટા તોડ પણ કરી રાહ્ય છે અને સાચા પત્રકારો નું નામ ખરાબ કરી રહ્યા છે માટે આજે ધાનેરા પ્રેસ ટ્રસ્ટ ધ્વરા ધાનેરા પોલીસ મથક માં આવેદન પત્ર આપી જણાવ્યું હતું કે ધાનેરા વિસ્તાર માં ફરતા બોગસ પત્રકારો ઝડપી કાયદેસર ની કાર્યવાહી કરો જે વાહન ઉપર પ્રેસ લખેલું જણાય તે વાહન ને ઉભું રાખવી તેની પૂછપરછ કરી પ્રેસ ને લાગતા તમામ કાગળો ચેક કરો અને જો પ્રેસ ને લાગતા કાગળો ન મળે તો તેને આકરા માં આકરી સજા કરો સાચા પત્રકાર નું નામ ન બગડે અને પ્રજા ને લૂંટાતી બચાવવા માટે કાયદેસર ની કાર્યવાહી કરવા માટે ધાનેરા પી.આઈ શ્રી જે.એમ ચુડાસમા એ ખાતરી આપી હતી





## નડીયાદના વોટર વર્કસ સબસ્ટેશનની ક્લોરીન ચેમ્બર્સની પાઈપ લીકેજ થતા અફડાતફડી

ખેડા જિલ્લાના નડિયાદમાં કપડવંજ રોડ ઉપર આવેલ પ્રગતિનગરમાં નગરપાલિકાના વૉટર વર્કસ વિભાગના સબસ્ટેશનના ક્લોરીન ચેમ્બર્સની પાઈપ લીકેજ થતાં અફડાતફડી મચી જવા પામી હતી અને આસપાસમાં રહેતા લોકોને ક્લોરીન ગેસની અસર થતાં તેઓને ગભરામણથી ઉલટીઓ થતાં નગરપાલિકાની ટીમ અને ૧૦૮ દ્વારા ૨૨ અસરગ્રસ્તોને ત્વરીત સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અને નગરપાલિકાની ટીમ દ્વારા લીકેજ બંધ કરવાની કામગીરી હાથ ધરાઈ હતી. આ ઘટનાને લઈને આજુબાજુના ૫૦૦ મકાનો ખાલી કરી દેવાયા હતા. બાદમાં અમદાવાદ, નડિયાદના ફાયર ફાયટરો દ્વારા પરિસ્થિતિ પર કાબુ મેળવી લેવાતાં સ્થાનિકોને પરત લાવી દેવામાં આવ્યા હતા.

# પ્રાંતિજમાં થાંભલા ચોરીની હજુ પોલીસ ફરિયાદ જ નથી થઈ

## ૧૨ દિવસ પછી પણ પ્રાંતિજ નગરપાલિકા દ્વારા હજુ સુધી કેમ પોલીસ ફરિયાદ કરવામાં આવી નથી હજુ એપ્રોચરોડ ઉપર પડેલા હજારો રૂપિયાના થાંભલા પાલિકા દ્વારા કેમ ઉઠાવવામાં આવ્યા નથી

પ્રાંતિજ, તા. ૧૮

પ્રાંતિજ ખાતે નગરપાલિકા દ્વારા રાત્રીના સમયે રોડને પ્રકાશિત





કરવા લગાવવામાં આવેલ સ્ટ્રીટલાઈટના થાંભલા ચોરી થયાને ૧૨ એક દિવસ ઉપર થવા આવ્યા છતાં પાલિકા દ્વારા હજુ સુધી પોલીસ ચોપડે ફરીયાદ કરવામાં આવી નથી અને રાત્રીના સમયે સ્ટ્રીટલાઈટના થાંભલા ભરેલી ટ્રકને રંગેહાથે પકડી અને પોલીસ બોલાવી છતાં પોલીસ ચોપડે ફરીયાદ કેમ નોંધાઈ નથી અને ૨૯ સ્ટ્રીટલાઈટના થાંભલાનો હજુ હિસાબ મલ્યો નથી તો શું પાલિકા કોને ઈશારે ચુપકીદી સાંધીને બેઠી છે. ત્યારે સ્ટ્રીટલાઈટના થાંભલા ચોરીનો મુદ્દો પ્રાંતિજમાં હાલ ટોપ એન ટાઉન બન્યો છે.

પ્રાંતિજ ખાતે બાર એક દિવસ પહેલા રાત્રીના સમયે પ્રાંતિજ નગરપાલિકાના સ્ટ્રીટલાઈટના થાંભલા ચોરી કરી ટ્રક નંબર જીજે૯વી૭૮૩૨માં લઈ જવાતા હતા. સ્ટ્રીટલાઈટના ચાર થાંભલા સાથે ટ્રક પકડી હતી ત્યારે નગરપાલિકા કોર્પોરેટરો એક પછી એક બધાં ભેગા થયા હતા અને પોલીસ બોલાવી હતી. પોલીસ પણ તાત્કાલિક ઘટનાસ્થળે આવી હતી અને નગરપાલિકા દ્વારા ચાર થાંભલા ભરેલી ટ્રકનં નગરપાલિકા શોપીંગ પાસે રાત્રીના સમયે ટ્રકને મુકાવી દેવામાં આવી હતી અને સવારના પોલીસ કેસ કરવાનું જાણવા મળ્યુ હતુ ત્યારે પાલિકાના ૨૯ સ્ટ્રીટલાઈટના થાંભલાઓમાંથી એક બે કરીને કેટલાય સ્ટ્રીટલાઈટના થાંભલા હાલ તો જગ્યા ઉપર હયાત નથી અને માત્ર ૧૪ નંગ અને ટ્રકમાં પકડાયેલા ૪ નંગ મળીને કુલ-૧૮ નંગ સ્ટ્રીટલાઈટના થાંભલા હયાત છે તો સ્ટ્રીટલાઈટના બીજા થાંભલા ગયા ક્યાં એ એક પ્રશ્ન છે છતાં રંગેહાથે સ્ટ્રીટલાઈટના થાંભલા ભરેલી ટ્રકને પકડી છતાં પાલિકા દ્વારા બાર દિવસ ઉપર થવા આવ્યા છતાં કેમ કાર્યવાહી કરવામાં આવતી નથી. હજુ છેલ્લા દોઢ મહિનાથી રોડની સાઈડમાં રામભરોસે પડેલા બીજા સ્ટ્રીટલાઈટના થાંભલા જે તે સ્થળ ઉપરથી કેમ ઉઠાવવામાં આવતા નથી વગેરે સ્ટ્રીટલાઈટના થાંભલાઓને લઈને હાલ તો લોકમુખે ચર્ચાએ જોર પકડ્યું છે. ત્યારે સ્ટ્રીટલાઈટના થાંભલા ચોરીને લઈને પ્રમુખ દ્વારા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવાનું જે તે સમયે કિધુ હતુ પણ આજદિન સુધી ફરીયાદ દાખલ ના થતાં કાંઈક રંધાયું હોય તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. ત્યારે સાચું શું એ તો હવે સરકાર દ્વારા કંઈક ઉપરથી તપાસ થાય તો ખબર પડે નહીંતર હોતાં હૈ ચલતા હૈ.

# મોડાસાના હજીરા વિસ્તારમાં દારૂ પીધેલા કાર ચાલકે હીટ એન્ડ રનની ઘટના સર્જાતા હોબાળો

## બાઈકચાલક સહિત બે રાહદારીઓને અડફેટે લીધા : કારમાંથી દારૂની બોટલ મળી : કાર ચાલક ભીડનો લાભ લઈ છૂમંતર

મોડાસા, તા. ૧૮

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં રાજ્યના મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ શહેરની મુલાકાત ટાણે વિદેશી દારૂ ભરેલી જીપ પલટી જતા અને રવિવારે રાત્રીના સમયે હજીરા વિસ્તારમાં દારૂ પીધેલા કાર ચાલકે એક બાઈક ચાલક અને બે રાહદારીઓને અડફેટે લઈ હીટ એન્ડ રનની ઘટના સર્જાતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને અરવલ્લી જિલ્લા પોલીસતંત્રના હપ્તારાજ હેઠળ મોડાસા શહેરમાં અને સમગ્ર જિલ્લામાં દારૂની રેલમછેલ અને ઠેર ઠેર વિદેશી દારૂની હાટડીઓ ખુલતા યુવાધન સહિત જિલ્લાના પ્રજાજનો બરબાદીના મુખમાં ધકેલાઈ રહ્યા હોવાની વારંવાર ઘટનાઓ દૃશ્યમાન થતા અકસ્માતના સ્થળે ઉમટી પડેલા લોકોમાં જિલ્લા પોલીસતંત્રની નિષ્ફળ કામગીરી સામે ઉગ્ર રોષ ઠેલવતા નજરે પડતા હતા. મારૂતિ કારનો ચિક્કાર દારૂ પીધેલી હાલતમાં હોવાનું ઘટનાસ્થળે ઉપસ્થિત લોકોએ જણાવ્યું હતું.

આધારભૂત સુત્રોના જણાવ્યા મુજબ મોડાસાના હજીરા વિસ્તારમાં રવિવારે રાત્રીના ૧૧ કલાકે ચિક્કાર દારૂ પીધેલી હાલતમાં કાર હંકારતા કાર ચાલકે હીટ એન્ડ રનની ઘટના સર્જતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. રવિવારે રાત્રીના ૧૧ કલાકની આસપાસ હજીરા પુલ નજીક આવેલા બાઈકના શૉ-રૂમ નજીક મોડાસા-શામળાજી રાજ્ય ધોરીમાર્ગ પરથી પસાર થતા અને પીધેલી હાલતમાં જણાતા મારૂતિ અલ્ટો કાર (ગાડી નં. જીજે૯.એજી.૯૫૭૪)ના ચાલકે રોડ પરથી પસાર થતા બાઈક ચાલક જેસીંગભાઈ કલાભાઈ ડામોરની બાઈકને પૂરઝડપે ગફલતભરી રીતે હંકારી ટક્કર મારતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. કારચાલક આટલેથી ન અટકતા રોડની બાજુમાં



ચાલતા દીપભાઈ તથા હાર્દિકભાઈને ટક્કર મારતા બન્ને યુવાનોના શરીરે વત્તા ઓછી ઈજાઓ પહોંચી હતી. સદનસિબે કાર રોડ સાઈડ ઉતરી જતા કાર અટકી ગઈ હતી. કારચાલક કાર ઘટનાસ્થળે મુકીને ફરાર થઈ ગયો હતો. હજીરા વિસ્તારમાં હિટ એન્ડ રનની ઘટના સર્જાતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને અકસ્માતનો ભોગ બનેલા બાઈકચાલકને ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે દવાખાને ખસેડાયો હતો. અકસ્માતના પગલે દોડી આવેલા લોકોનો ઉગ્ર રોષ જોઈ કારચાલક ફરાર થઈ ગયો હતો. અકસ્માતની ઘટનાની જાણ મોડાસા ટાઉન પોલીસને થતા ઘટનાસ્થળે પહોંચી નટવર જીતેન્દ્રભાઈ ઉપાધ્યાયની ફરિયાદના આધારે અજાણ્યા કારચાલક વિરૂદ્ધ અકસ્માતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### મારૂતિ અલ્ટો કારમાંથી વિદેશી દારૂની બોટલ પોલીસ ચોપડે ન નોંધાતા અચરજ

રવિવારે રાત્રે મોડાસા હજીરા વિસ્તારમાં મારૂતિ અલ્ટો કારના ચાલકે ચિક્કાર દારૂ પીધેલી હાલતમાં એક બાઈક ચાલક અને બે રાહદારીઓને અડફેટે લઈ અકસ્માત સર્જી ફરાર થઈ ગયો હતો. અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ અને અલ્ટોકારમાં આંખોની નજરો સામે વિદેશી દારૂની મેકડોવેલ કંપનીની દારૂની બોટલ પાછળની સીટ પર પડેલી જોઈ હોવા છતાં પણ અલ્ટોકારમાંથી મળી આવેલી વિદેશી દારૂની બોટલ પોલીસ ચોપડે ન નોંધાતા પોલીસની કામગીરી અંગે અનેક સવાલો ઉદભવ્યા હતા. ચિક્કાર પીધેલો હોવાનું લોકોએ જણાવ્યુ હતુ. પ્રોહિબિશનનો ગુન્હો પણ નોંધ્યો ન હતો.

### હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાંથી બાઈક ચોરાયું

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવેલ ફરસાણની દુકાન આગળ શનિવારે પાર્ક કરેલ બાઈક નં.જીજે.૦૯.સીએચ.૪૬૭૦ની અજાણ્યા શખ્સો ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે બાઈકના માલિક જગદીશભાઈ નાથાભાઈ પટેલે તપાસ કરવા છતાં કોઈ પત્તો ન મળતા તેમણે ૧૫ હજારનું બાઈક ચોરાયાની ફરિયાદ રવિવારે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી.

# ઉનામાં બનેલા બનાવના કારણે ધાનેરામાં ભીમ સેના દ્વારા આવેદનપત્ર

પાલનપુર, તા. ૧૮

બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા માં ભીમસેના ધ્વરા નાયબ કેલ્કેટર તેમજ ધાનેરા પોલીસ ને આવેદન પત્ર આપી ઉના માં દલિતો પર અત્યાચાર ગુજારનાર આરોપીને તાત્કાલિક ઝડપી પડી કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી સાથે-સાથે ધાનેરા માં પણ વાહનો પર ગૌસેવા લખીને ફરતા લોકોની તપાસ કરવાની માંગ કરી હતી

ઉના તાલુકા ના સામઢીયાળી ગામે બનેલા બનાવ ના કારણે સમગ્ર ગુજરાત રાજ્ય માં ભારે રોષ જોવા મળી રહ્યો છે ઠેર-ઠેર લોકો આવેદન પત્ર આપી વિરોધ દર્શાવી રહ્યા છે ત્યારે આજે ધાનેરા માં યુવાનો ધ્વરા ધાનેરા નાયબ કલેક્ટર તેમજ ધાનેરા પોલીસ ને આવેદન પત્ર આપી જણાવ્યું હતું કે સામઢીયાળી ગામે દલિતો ઉપર અમાનવીય અત્યાચાર કરનાર લોકોને તાત્કાલિક ઝડપી પાડો અને કડક માં કડક સજાકારોં સાથે-સાથે યુવકોએ જણાવ્યું હતું કે ધાનેરા માં પણ કેટલાક લોકો ધ્વરા ગાડી ઉપર ગૌસેવા ની નંબર પ્લેટ લગાવી ગૌસેવકો નામે રોફ જમાવે છે તેવા લોકો સામે પણ આ કાર્યક્રમમાં દલિત સમાજ ના મોટી સંખ્યામાં યુવાનો જોડાયા હતા

### વિરપુર પાસે અજાણ્યા વાહને ટક્કર મારતા અજાણી સ્ત્રીનું મોત

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર-ઈડર રોડ પર આવેલ વિરપુર પીકઅપ સ્ટેન્ડ નજીકથી શનિવારે પસાર થઈ રહેલ અજાણ્યા વાહન ચાલકે ૩૫ વર્ષીય ઉંમરની અજાણી સ્ત્રીને ટક્કર મારી ગંભીર ઈજા પહોંચાડી હતી. જેના કારણે આ સ્ત્રીનું મોત નિપજયુ હતું.